बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

બેંક ઓફ બરોડા - રીજીયોનલ ઓફીસ : પહેલો માળ, બીઓબી બિલ્ડીંગ, એમ. જી. રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧.
E-mail : recovery.rajkot@bankofbaroda.com

સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (હવે પછીથી કાયદા તરીકે નિર્દિષ્ટ) હેઠળ બેંક પાસે ગીરવે મૂકેલ સ્થાવર/ જંગમ મિલકતોનું વેચાણ

# મેગા ઈ-હરાજી વેચાણ નોટિસ

## સ્થાવર મિલકતોનું વેચાણ (એપેન્ડીકસ - ૪ - એ) (નિયમ ૬(૨) અને ૮(૬)ના વંચાણ હેઠળ)

**સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૬ (૨) અને ૮(૬)ના વંચાણ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ**

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ઋણકર્તા (ઓ) અને જામીનદાર (ઓ)ને ખાસ કરીને નોટિસ આપીને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો જે **બેંક ઓફ બરોડા**ને મોર્ગેજ / ચાર્જડ કરેલી છે અને તેનો સીકયુર્ડ ક્રેડીટર તરીકે **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારી દ્વારા કબજો મેળવી લેવામાં આવ્યો છે જેને નીચે દર્શાવેલ ખાતા/ઓની બાકી લેણાંની વસૂલાત માટે ''જ્યાં છે ત્યાં છે'', ''જેમ છે તેમ છે'' અને ''જે રીતે છે તે રીતે છે'' ના આધારે ઈ - હરાજીથી વેચાણ કરશે. ઋણકર્તાઓ/ જામીનદારો/ સંપતિઓ/ બાકી લેણાં/ અનામત કિંમત / ઈ-હરાજી તારીખ અને સમય, ઈ.એમ.ડી. તથા બીડ વધારાની રકમ નીચે મુજબ છે.

**નીચે દર્શાવેલ મિલકતની ઈ-હરાજીની તારીખ અને સમય : ૨૨.૧૦.૨૦૨૧, બપોરે ૦૨:૦૦ થી બપોરે ૦૬:૦૦ સુધી**
**નીચે દર્શાવેલ મિલકતની નિરીક્ષણની છેલ્લી તારીખ અને સમય : ૨૧.૧૦.૨૦૨૧, સવારે ૧૧:૦૦ થી બપોરે ૩:૦૦ સુધી**

| ક્રમ/ લોટ નં. | શાખાનું નામ, ઉધારકર્તા/ઓ અને જામીનદાર/ઓનાં નામ અને સરનામાં | સ્થાવર મિલકતોની ટુંકમાં માહિતી | સરફેસી એક્ટ, ૨૦૦૨ના કલમ ૧૩(૨) હેઠળ બાકી લેણાં | અનામત કિંમત, અને ઈ.એમ.ડી. (રૂા. માં) | કબજાનો પ્રકાર (સાંકેતિક /પ્રત્યક્ષ) | અધિકૃત અધિકારીનું નામ અને સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | **ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા, પન્નાબેન નિલેશ સોનછાત્રા અને નિલેશ ત્રિભોવનદાસ સોનછાત્રા** | **૧ બી.એચ.કે. રહેણાંક ફ્લેટ :** જે ફ્લેટ નં. ૧૦૨, પહેલો માળ, ક્રિષ્ના એપાર્ટમેન્ટ, ગાયત્રી નગર રોડ, જીવરાજાની હોસ્પિટલ પાસે, ગોપાલ નગર ૦૧, રે. સ. નં. ૩૩૫/પી/૦૧/પી, સીટી સર્વે નં. ૨૪૦૧/પી, ટી. પી. સ્કીમ નં. ૦૫, ફાઈનલ પ્લોટ નં. ૧૫૬, સીટી સર્વે વોર્ડ નં. ૦૮, તાલુકો અને જીલ્લો : રાજકોટ ખાતે સ્થિત છે. જેની માલીકી **પન્નાબેન નિલેશ સોનછાત્રા**ના નામની છે. કુલ વિસ્તાર : ૪૪૯.૭૭ સ્કે. ફુટ | તારીખ : ૧૮-૦૬-૨૦૨૧ રૂા. ૧૬,૬૮,૦૦૩.૩૮ + લાગુ નહીં પડેલ વ્યાજ + બીજા ચાર્જીસ - રીકવરી | **અનામત કિંમત : ૧૬,૨૦,૦૦૦/- ઈ.એમ.ડી. : ૧,૬૨,૦૦૦/-** | **પ્રત્યક્ષ** | **લલીત કુમાર ૯૬૮૭૬ ૯૬૦૧૫** |

**નિયમો અને શરતો MSTC દ્વારા ઈ-હરાજી પ્લેટફોર્મ :**

**૧. વેચાણ ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર MSTC LTD. દ્વારા પ્રાપ્ય ઈ-હરાજી પ્લેટફોર્મ હેઠળ વેબસાઈટ https://www.mstcecommerce.com પર ઉપરોકત દર્શાવેલ સમય અને તારીખમાં થશે. ઈચ્છુક બીડરો/ખરીદનારોને તેના મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડીનો ઉપયોગ કરીને પોર્ટલ (https:www.mstcecommerce.com) (direct link -https://www.mstcecommerce.com/auctionhome/ibapi/index.jsp) પર રજીસ્ટર થવાનું જણાવવામાં આવે છે. વધુમાં, માન્ય કેવાયસી દસ્તાવેજો અપલોડ કરવાનું જણાવવામાં આવે છે. એકવાર કેવાયસી દસ્તાવેજોની ચકાસણી ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડરો દ્વારા કરવામાં આવશે (અંદાજીત કામકાજીય ૨ દિવસોમાં), તે પછી મિલ્કત ખરીદવા રસ ધરાવનાર વ્યકિતએ ઓકશનના સમય અગાઉ ગ્લોબલ ઈ.એમ.ડી. વોલેટમાં ઈ.એમ.ડી. રકમ ઓનલાઈન જમા કરવાવવાની રહેશે. બીડર રજીસ્ટ્રેશન, કેવાયસી ડોકયુમેન્ટ જમા કરવાની અને ચકાસણીની તથા ઈ.એમ.ડી.ની રકમ વોલેટમાં જમા કરાવવાની સંપૂર્ણ પ્રક્રિયા હરાજીના બે દિવસ પહેલાં પૂર્ણ કરવાની રહેશે. જો ખરીદનાર હરાજીની તારીખના બે દિવસની અંદર કેવાયસી ડોકયુમેન્ટ, ઈ.એમ.ડી. રકમ જમા કરાવે તો તે સ્વીકારવાનો અધિકાર બેંકના અધિકૃત અધિકારી/બેંક/ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડરને રહેશે, પરંતુ તેવા સંજોગોમાં કેવાયસી ડોકયુમેન્ટ જમા થવામાં વિલંબ/ચકાસણી થવામાં નિષ્ફળતા અને ઈ.એમ.ડી. રકમ વોલેટમાં ટ્રાન્સફર થવામાં નિષ્ફળ જશે તો તે અંગે બેંકના અધિકૃત અધિકારી/ બેંક / ઈ-ઓકશન સવિસ પ્રોવાઈડરની કોઈપણ જાતની જવાબદારી રહેતી નથી. ઈચ્છુક બિડરો ઈ-હરાજીની તારીખના દિવસે તો જ બીડ ભરી શકશે જો બિડરના ગ્લોબલ વોલેટમાં ઈ-હરાજીની તારીખ અને સમય દરમિયાન પૂરતી બેલેન્સ (>=EMD amount) હશે. બીડરો એક અથવા એકથી વધુ મિલ્કતો માટેની ઓફરો કરી શકશે. એક અથવા એકથી વધુ મિલ્કતોના ઓફરોના સંદર્ભમાં દરેક મિલ્કતો માટે બીડરોએ ઈએમડી જમા કરાવવાની રહેશે.**

**૨. ઉપરોકત દર્શાવેલ અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) રકમ ઓનલાઈન અર્થાત્ NEFT દ્વારા ((https:www.mstcecommerce.com)માંથી ચલન જનરેટ થયા પછી) બીડરોએ ગ્લોબલ ઈએમડી વોલેટમાં જમા કરાવવાની રહેશે. NEFT ચલણ માત્ર એક જ ટ્રાન્જેકશન પુરતુ મર્યાદિત છે. જો એક કરતા વધારે ટ્રાન્જેકશનો કરવામાં આવશે તો માત્ર પહેલા ટ્રાન્જેકશનને માન્ય ગણવામાં આવશે અને અન્ય ટ્રાન્જેકશનોને માન્ય ગણવામાં આવશે નહીં. NEFT કોઈપણ માન્ય કોમર્શીયલ બેંકમાંથી કરી શકાશે. રકમ ટ્રાન્સફર કરવા ફકત NEFT નો જ ઉપયોગ કરવો, અન્ય કોઈપણ રીતે કરવામાં આવેલ ચૂકવણીથી બીડરોના વોલેટમાં ઈએમડીની રકમ જમા થશે નહીં. અન્ય રીતે જેવા કે ચેક દ્વારા કરવામાં આવેલ ઈએમડીની ચૂકવણી અમાન્ય રહેશે. જમા કરેલ ઈએમડીની રકમ ઉપર કોઈપણ જાતનું વ્યાજ લાગુ પડશે નહીં. નિષ્ફળ બીડરોના ઈએમડીના રીફંડ માટે બીડરોએ ઈ-ઓકશન સર્વિસ પ્રોવાઈડરની વેબસાઈટ https:www.mstcecommerce.com લોગઈન કરવાનું રહેશે અને રીફંડ માટેની જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને ત્યારબાદ ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર દ્વારા જ ઓનલાઈન રીફંડ કરવામાં આવશે. નિષ્ફળ બીડરોની ઈએમડીની રકમ કોઈપણ જાતના વ્યાજ વગર પરત કરવામાં આવશે.**

**૩. બેંકના ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર MSTC LTD. - રજી. ઓફિસ : ૨૨૫-સી, એ.જી.સી. બોસ રોડ, કલકતા - ૭૦૦૦૨૦ દ્વારા પ્રાપ્ય ઈ-હરાજી પ્લેટફોર્મ (https:www.mstcecommerce.com) પર થશે. ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડરની વેબસાઈટ https:www.mstcecommerce.com પરથી ઈચ્છુક બીડરો/ખરીદનારો ઈ-હરાજી પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. પોર્ટલ પર સર્વિસ પ્રોવાઈડર દ્વારા ઈ-હરાજી પર ઓનલાઈન ડેમોસ્ટ્રેશન/ટ્રેનીંગ પણ આપવામાં આવશે. નિયમો અને શરતો સાથેની વેચાણ નોટિસ બેંકની વેબસાઈટ/વેબપેઈજ https://www.bankofbaroda.in/e-auction.htm, (direct link https://www.bankofbaroda.in/e-auction.htm) અને https://ibapi.in પર પ્રસિધ્ધ કરવામાં આવશે. ઈ-હરાજીમાં ભાગ લેવા ઈચ્છુક ખરીદનારો વેચાણ નોટિસની કોપી, ઈ-હરાજી માટેના શરતો અને નિયમો, ઈ-હરાજીમાં ભાગ લેવા માટેની માહિતગાર મદદના સંદર્ભમાં IBAPI portal (https://www.ibapi.in) માંથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકશે.**

**૪. બીડરોએ બીડની રકમ અનામત કિંમત જેટલી કે તેના કરતાં વધારે રજૂ કરવાની રહેશે. મીનીમમ વધારા સાથેની છેલ્લી ઉંચી બીડ રજૂ કરનાર બીડરની બીડ ઉંચી બીડ તરીકે માન્ય રહેશે. અધિકૃત અધિકારી દ્વારા અપાયેલ અનામત કિંમત કરતાં નીચેની કિંમતમાં મિલ્કતનું વેચાણ થશે નહીં. અનામત કિંમત કરતાં નીચી ભરેલ બીડને રદ કરવામાં આવશે. વેચાણ નોટિસના શરતો/નિયમોમાં દર્શાવ્યા અનુસાર બીડરોએ તેમની બીડ વધારાની રકમના ગુણાંકમાં કરવાની રહેશે. જો છેલ્લી ૧૦ મિનિટમાં બીડ આવશે તો અમર્યાદિત વખત વધુ ૧૦ મિનિટનો સમય બીડીંગ માટે આપવામાં આવશે. પ્રાપ્ય ૧૦ મિનિટમાં બીડરોએ હાઈએસ્ટ બીડ કરતા ઊંચી બીડ ભરવાની રહેશે અને જો હાઈસ્ટ બીડ કરતાં કોઈ ઉંચી બીડ નહીં આવે તો હાઈસ્ટ બીડ માન્ય રાખીને ઈ-હરાજી બંધ કરવામાં આવશે.**

**૫. ઈચ્છુક બીડરે વેચાણ નોટિસ, ઈ-હરાજી માટેના શરતો અને નિયમો ધ્યાનપૂર્વક વાંચી લેવાના રહેશે અને ઈ-હરાજી માટેની મદદ માર્ગદર્શિકાને કડક રીતે અનુસરવાની રહેશે.**

**૬. ઈ-હરાજીની પ્રક્રિયા પહેલાં જો કોઈ મુશ્કેલી કે માહિતીની જરૂર જણાય તો અમારી ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર (https:www.mstcecommerce.com) ના (direct link https://www.mstcecommerce.com/auctionhome/ibapi/index.jsp) અધિકૃત રિપ્રેઝેન્ટેટીવ, જેની માહિતી ઈ-હરાજી પોર્ટલ પર હશે, તેનો સંપર્ક સાધી શકો છો.**

**૭. અધિકૃત અધિકારી દ્વારા ઈ-હરાજી માટે ફાઈનલ થયા પછી, માત્ર સફળ બીડરને SMS/ email દ્વારા (સર્વિસ પ્રોવાઈડરને રજી. સમયે જે મોબાઈલ નંબર/ઈમેઈલ આઈડી આપવામાં આવ્યા હશે તેમાં) જ જાણ કરવામાં આવશે.**

**૮. સફળ ખરીદનારે/ બીડરે બીડ રકમ (પહેલા જમા કરાવેલ ઈએમડીની રકમ સહીત) ની ૨૫% (પચ્ચીસ ટકા) રકમ તરત જ અર્થાત્ હરાજીના જ દિવસે અથવા બીજા કામકાજીય દિવસની પહેલા જમા કરાવવાની રહેશે અને બાકીની રકમ અધિકૃત અધિકારી દ્વારા નિમાયેલ સફળ હરરાજી ખરીદનાર/ બીડરે મિલ્કતના વેચાણના ૧૫ દિવસ કે તે પહેલા બીડ ખરીદીની રકમ અનુસાર ચૂકવવાની રહેશે અથવા ખરીદનાર અને સિકયોર્ડ ક્રેડીટર વચ્ચે થયેલ લખાણ અનુસાર વધારાના ત્રણ મહિનાથી અંદરના સમયમાં ભરવાની રહેશે. ઉપર દર્શાવેલ સમયમાં જો સફળ બિડર દ્વારા ઉલ્લેખિત સંપૂર્ણ રકમ જમા કરાવવામાં નહીં આવે તો બેંક અને અધિકૃત અધિકારી દ્વારા તેને રદ કરવામાં આવશે અને તે અધિકૃત અધિકારી દ્વારા મિલ્કતને ફરીથી હરાજી/ વેચાણ માટે મુકવામાં આવશે અને ડિફોલ્ટીંગ બીડર તેની રદ કરાયેલ રકમ તથા મિલ્કત ઉપર કોઈપણ જાતનો કલેઈમ કરી શકશે નહીં.**

**૯. રકમની ચૂકવણીમાં નિષ્ફળ : ખરીદનાર જો બીડ રકમની ૨૫% (પચ્ચીસ ટકા), ઈએમડી રકમ બાદ કરીને તે જ દિવસે અથવા તેના પછીના બીજા કામકાજીય દિવસની પહેલા જમા કરાવવાની રહેશે તથા બાકીની ૭૫% (પંચોતેર ટકા) રકમ દર્શાવેલ સમયમાં ભરવામાં નિષ્ફળ રહેશે તો કોઈપણ જાતની નોટિસ વિના તે વેચાણ રદ ગણાશે. બેંકના અધિકૃત અધિકારી દ્વારા ઈએમડીની રકમ કે અન્ય કોઈ જમા કરેલ રકમ જપ્ત ગણાશે.**

**૧૦. TDS under Section 194-1A of Income Tax Act 1961 ના સંદર્ભમાં સફળ ખરીદનારે વેચાણ માટેની માન્ય રકમની ચૂકવણી કરવાની રહેશે અને સફળ ખરીદનારે બાકીની ૭૫% રકમ જમા કરતી વખતે તેના પર લાગુ TDS ભરવાનો રહેશે. સફળ હરાજી ખરીદનાર / બીડરે બીડની રકમ ઉપર લાગુ જીએસટી બેંકને ભરવાનો રહેશે.**

**૧૧. વેચાણની સંપૂર્ણ રકમની ચૂકવણી થયા પછી, અધિકૃત અધિકારી નિયમ અનુસાર વેચાણ સર્ટીફીકેટ પ્રાપ્ય થશે. ખરીદનારે બધી લાગુ સ્ટેમ્પ ડયુટીઓ, વેચાણ સર્ટીફીકેટ સહિતની, રજી. ચાર્જીસ, જો કોઈ સરકારી/અન્ય ઓથોરિટી નાં બધા લેણાં બાકી હોય તો તે, ટેક્ષીસ, જીએસટી, તથા મિલ્કતોને લાગુ વર્તમાન અને ભવિષ્યનાં લાગુ દરો સહિત ભરવાનું રહેશે.**

**૧૨. બીડમાં ઉલ્લેખિત નામ સિવાય અન્ય કોઈપણ વ્યકિતગત/પેઢીના નામનું વેચાણ સર્ટીફીકેટ બનાવવામાં આવશે નહીં. સફળ ખરીદનારના નામથી જ વેચાણ સર્ટીફીકેટ બનાવવામાં આવશે.**

**૧૩. DRT/DRAT/હાઈકોર્ટ અથવા અન્ય કોઈ અદાલત દ્વારા વેચાણ સર્ટીફીકેટ આપવાના વિરોધમાં પસાર કરવામાં આવેલા કોઈપણ સ્ટે/હુકમ/સંયમ હુકમની બાકી કામગીરીને વેચાણ સર્ટીફીકેટ આપવામાં આવશે નહીં. આ સમયગાળામાં જમા કરવામાં આવેલ રકમ પર કોઈ વ્યાજ આપવામાં આવશે નહીં. સફળ બીડર દ્વારા જમા કરાવેલ રકમને, વેચાણ સર્ટીફીકેટના મુલતવીના સંદર્ભમાં, વ્યાજ વિનાના ડીપોઝીટ એકાઉન્ટમાં સાચવી રાખવામાં આવશે. ડિપોઝીટ કરેલ રકમ પરત મેળવવા કોઈ વિનંતી કે વેચાણ ભાગ/સંપૂર્ણ રદ કરવામાં આવશે નહીં. DRT/DRAT/હાઈકોર્ટ અથવા અન્ય કોઈ અદાલત દ્વારા આગળની પ્રક્રિયામાં કોઈપણ જાતનો સ્ટે આવે તો, હરાજી કાં તો મુલતવી અથવા રદ કરવામાં આવશે અને વેચાણમાં ભાગ લેનારી વ્યકિતઓને આવી કોઈ મુલતવી કે રદ કરવા માટેના ડેમેજીસ, વળતર કે ખર્ચાનો અધિકારી/ બેંક પર દાવો કરવાનો કોઈ અધિકાર રહેશે નહીં.**

**૧૪. અધિકૃત અધિકારી / બેંક કોઈપણ જાતની નોટિસ કે કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ બીડ સ્વીકારવાનો કે રદ કરવાનો અથવા વેચાણ મુલતવી કે રદ, વેચાણની નિયમો અને શરતો બદલાવવાનો તથા અગાઉ બોલી લગાવનાર બીડર નિષ્ફળ જશે તો આગામી ઉંચી બોલી લગાવનાર બીડરને પ્રાધાન્ય આપવા સહિતનો સંપૂર્ણ અધિકાર રહેશે.**

**૧૫. ઈચ્છુક બીડરોએ તે/ તેણીના સ્વયંખર્ચે ઉલ્લેખિત તારીખ અને સમયમાં મિલ્કતની ચકાસણી કરી શકશે. બેંક પાસે રહેલા મિલ્કતને લગતા ટાઈટલ ડોકયુમેન્ટ અને અન્ય ડોકયુમેન્ટની ચકાસણી માટે સંબંધિત બેંક ઓફ બરોડાની શાખાનો ઈ-હરાજીના બે દિવસ પહેલાં ઓફીસના કામકાજ દરમ્યાન કરવાનો રહેશે.**

**૧૬. મિલકતનું ''જ્યાં છે ત્યાં છે'', ''જેમ છે તેમ છે'' અને ''જે રીતે છે તે રીતે''ના આધારે વેચાણ કરવામાં આવશે અને ઈચ્છુક બીડરોએ સ્વેચ્છાએ પૂછપરછ કરવાની રહેશે અને તેના સંદર્ભમાં રજીસ્ટ્રર/એસઆરઓ/રેવન્યુ રેકર્ડસ/અન્ય કાનૂની અધિકારીઓના મુશ્કેલી સંબંધિત અને કોઈ દાવા/હકકો/બાકી લેણાં/અન્ય કાનૂની ચાર્જીસ જેવાં કે સેલ્સ ટેક્ષ, એકસાઈઝ/જીએસટી/ઈન્કમ ટેક્ષ સાથે બેંકના ચાર્જીસ વગેરે ચકાસવાના રહેશે અને બીડ રજૂ કરતાં પહેલા મિલ્કત ઉપરનાં ટાઈટલ, નેચર, વર્ણન, હદ, ગુણવતા, જથ્થો, સ્થિતિ, અવધિ, પૂર્વ અધિકાર, ચાર્જ, કાયદાકીય લેણાં વગેરે અંગે તપાસ કરીને સ્વેચ્છાએ સંતોષવાના રહેશે. ઈ-હરાજીની જાહેરાત બેંકની પ્રતિબધ્ધતા અથવા બેંકની રજૂઆત નથી અને માનવામાં આવશે નહીં. અધિકૃત અધિકારી/સીકયોર્ડ ક્રેડીટર ઉપર જણાવેલ છે તે સિવાયની અન્ય કોઈ થર્ડ પાર્ટી કલેઈમ્સ/હકકો/ઉલ્લેખિત બાકી લેણાં (જો હોય તો) ની કોઈ જવાબદારી રહેતી નથી. ઓનલાઈન બીડ રજૂ કર્યા પછી, મિલ્કત પરના સેલ્સ ચાર્જ / મુશ્કેલીમાં મુકાયેલ મિલ્કત અંગેના કોઈપણ દાવા અથવા અન્ય કોઈ બાબત વગેરે અંગેનો દાવો કરવાનો રહેશે નહીં.**

**૧૭. વેચાણ થનારી મિલ્કતોના સંદર્ભમાં બેંક કોઈપણ પરવાનગી /લાઈસન્સ, NOC વગેરે મેળવવા માટેની અથવા અન્ય બાકી લેણા જેવાં કે પાણી/સર્વિસ ચાર્જ, ટ્રાન્સફર ફી, વિજળી બીલ, મ્યુનિ. કોર્પોરેશન/લોકલ ઓથોરિટી / કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીનાં બાકી લેણાં કે અન્ય કોઈ લેણાં, ટેક્ષીસ, ખર્ચાઓ, ફી, સદરહુ મિલ્કતના સંબંધમાં અને/અથવા જો કોઈ ટ્રાન્સફર ફી હોય તો તે બધાની જવાબદારી ધરાવતી નથી. સફળ બીડરે મિલ્કતની ખરીદી સંબંધિત આવકવેરાની જોગવાઈઓનું પાલન કરવું પડશે અને લાગુ દરો અનુસાર અધિકારીઓને ટેક્ષ ભરવો પડશે.**

**૧૮.અધિકૃત અધિકારીને જરૂરી જણાય અને તેવા દરેક કેસના તથ્યો અને સંજોગોમાં શરતોમાં સુધારો / ફેરફાર/ રદ કરવાનો સંપૂર્ણ સ્વતંત્ર અધિકાર ધરાવે છે. બેંક / અધિકૃત અધિકારીને કોઈપણ બીડ સ્વીકારવાનો કે રદ કરવાનો અથવા મુલત્વી રાખવાનો/ વેચાણ રદ કરવાનો / વેચાણના નિયમો અને શરતોમાં કોઈપણ જાતની અગાઉની નોટિસ તથા કોઈપણ કારણ વિના સુધારો કરવાનો અબાધિત હક્ક ધરાવે છે. બીડરે વેચાણના બધા નિયમો અને શરતો વાંચી અને સમજી લેવા અને તે અનુસાર બંધનકર્તા રહેશે. બીડરો દ્વારા કોઈ પ્રતિ ઓફર/ શરતી ઓફર / બીડરો અને / અથવા સફળ બીડરો દ્વારા અપાયેલ શરતોને સ્વીકારવામાં આવશે નહીં. સરફેસી એકટ ૨૦૦૨ અને તેના હેઠળ ઘડાયેલ નિયમોના શબ્દો અને અહીં ઉપર વપરાયેલ અભિવ્યક્તિઓનો અનુક્રમે સમાન અર્થ રહેશે.**

**૧૯. વેચાણ બેંક દ્વારા પુષ્ટિને આધીન રહેશે.**

**૨૦. વેચાણ સરફેસી એકટ ૨૦૦૨માં ઉલ્લેખિત શરતો/નિયમો/પ્રોવિઝન્સ હેઠળ અને ઉપર ઉલ્લેખિત શરતો અને લાગુ નિયમો અનુસાર કરવામાં આવશે.**

**ઋણકર્તા / ગેરન્ટર / મોર્ગેજરને સરફેસી એકટ હેઠળ ૩૦ દિવસની વૈધાનિક નોટિસ**

**તારીખ : ૧૯.૦૯.૨૦૨૧,**
**સ્થળ : રાજકોટ**

**(આ હરાજી નોટિસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)**

**અધિકૃત અધિકારી,**
**બેંક ઓફ બરોડા**